## આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ દ્વારા મગ અને અડદ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ દ્વારા તા. ૨૯-૦૨-૨૦૨૪ના રોજ **મગ અને અડદ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ** વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો. આ તાલીમ વર્ગની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા કેન્દ્રની સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ મગ અને અડદ પાકોમાં પ્રાકૃતિક ખેતી અંતર્ગત રોગ-જીવાત નિયંત્રણ વિશે ખેડૂતોને માહિતગાર કર્યા. **શ્રી. સંદીપ રાઠોડ** દ્વારા મગ અને અડદ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, **ડૉ. એચ. કે. દેસાઈ** દ્વારા પ્રાકૃતિક ખાતર બનાવવાંની પદ્ધતિ અને તેનું મગ અને અડદ પાકમાં કાર્યક્ષમ ઉપયોગ **ડૉ. એ. વાય. માકાણી** દ્વારા મગ અને અડદ પાકોની નવીન જાતોની સમજણ **ડૉ એચ. એન.ચૌધરી** દ્વારા મગ અને અડદની પ્રાકૃતિક ખેતી અંતર્ગત નીંદણ વ્યવસ્થાપન જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. વધુમાં ખેડૂતને પ્રાકૃતિક કૃષિના નિદર્શન યુનિટની મુલાકાત દરમ્યાન પ્રાયોગિક રૂપે જીવામૃત અને બીજામૃત વિશે વિસ્તારમાં માર્ગદર્શન આપવામાં આવ્યું અને સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત અડદ (શ્યામલ) જાત નિદર્શન રૂપે આપવામાં આવી. આ તાલીમ વર્ગમાં **દાહોદ જીલ્લાના કુલ 4 ગામના ૨૫** ખેડૂતએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE


વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ


પ્રાકૃતિક કૃષિ મોડેલ